સેકશન અધિકારી સંવર્ગની ૧(એક) સંખ્યાધિક
જગ્યા એક વર્ષ માટે ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૦૨૦૧૮/૬૧૪/ઇ
સચિવાલય, ગાંધીનગર.
તા. 20 JUL 2018

વંચાણે લીધા:

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૬-૨૦૧૮ના પત્ર ક્ર:સઅસ/૧૦૨૦૧૭/૫૮૧૮૬૪/ખ-૧

(૨) સામાન્ય વહીવટ વિભાગની તા.૧૦-૦૭-૨૦૧૮ની અધિસૂચના ક્ર:સઅસ/૧૦૨૦૧૮/૧૫૦૪૮૬/ખ-૧

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧-૦૬-૨૦૧૮ના પત્ર ક્ર:સઅસ/૧૦૨૦૧૮/૩૪૨૨૮૦/ખ-૧

આમુખ :

સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ(૧)ના પત્ર સાથે મોકલવામા આવેલ સામાન્ય વહીવટ વિભાગની તા.૨૦/૦૬/૨૦૧૮ની અધિસૂચનાથી ફાળવાયેલ સેકશન અધિકારીઓની સંખ્યા જેટલી સંખ્યાધિક જગ્યાઓ તેઓની હાજર તારીખથી એક વર્ષ માટે ઉભી કરવા વંચાણે લીધેલ ક્રમ(3)ના પત્રથી સૂચના આપવામાં આવેલ છે. આ અંગે સામાન્ય વહીવટ વિભાગની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૮/૦૬/૨૦૧૮ ની નોંધથી મંજૂરી મળેલ છે.

ઠરાવ :

વંચાણે લીધા ક્રમાંકઃ(૧)થી વિભાગમાં કુલ-03 સીધી ભરતીના અજમાયશી સેકશન અધિકારીની ફાળવણી કરવામાં આવેલ છે. તે પૈકી વંચાણે લીધા ક્રમાંકઃ(૨)થી ૧(એક) બાકી રહેલ અજમાયશી સેકશન અધિકારી,(૧) શ્રી ચિરાગકુમાર રસિકલાલ પટેલ તા.૧૦/૦૭/૨૦૧૮નાં રોજ વિભાગમાં હાજર થયેલ છે. તદનુસાર વંચાણે લીધા ક્રમ(3) પરના સામાન્ય વહિવટ વિભાગના પત્રથી સૂચના મુજબ વિભાગમાં ૧(એક) સંખ્યાધિક સેકશન અધિકારીની જગ્યા હાજર થયા તારીખ ૧૦/૦૭/૨૦૧૮ થી એક વર્ષ માટે નીચેની શરતોને આધિન ઉભી કરવામાં આવે છે.

શરતો :

(૧) સંખ્યાધિક સેકશન અધિકારીની સામે વિભાગમાં સેક્શન અધિકારીની ૧(એક) નિયમિત જગ્યા ખાલી રાખવાની રહેશે.

(૨) ઉભી કરવામાં આવેલ આ ૧(એક) સંખ્યાધિક સેકશન અધિકારીની જગ્યાનો સમયગાળો નીચે મુજબ રહેશે.

(૧) ૧(એક) જગ્યા તા. ૧૦/૦૭/૨૦૧૮ થી તા.૦૯/૦૭/૨૦૧૯ સુધીનો રહેશે

(3) આ અંગેનો ખર્ચ અંદાજપત્ર સદર માંગણી ક્રમાંકઃ ૯૧ , મુખ્ય સદર -૨૨૫૧, સચિવાલય, ગૌણ સદર-૦૯૦, સચિવાલય, પેટા સદર-૦૧, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ પાડવાનો રહેશે.

આ ઠરાવ સામાન્ય વહિવટ વિભાગની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૮/૦૯/૨૦૧૮ના રોજ મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત ચૌધરી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.અ.) સા.ન્યા અને અધિ.વિભાગના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.
- ઉપ સચિવશ્રી , સામાન્ય વહીવટ વિભાગ., સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી,(મહેકમ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, ખ-૧ શાખા , સામાન્ય વહિવટ વિભાગ , સચિવાલય, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી , ગાંધીનગર.
- સેકશન અધિકારી ( HRMS Cell) , સામાન્ય વહિવટ વિભાગ , બ્લોક નં.૧/૮, સચિ., ગાંધીનગર
- રોકડ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ , સચિવાલય, ગાંધીનગર.
- મેનેજરશ્રી,એક્ષ્પલોરા પ્રા.લી.બ્લોક નં-૬,ત્રીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના IWDMSના પ્રતિનિધિ , સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિ., ગાંધી.
- સિલેક્ટ ફાઇલ -૨૦૧૮